# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૯૪ તા.૦૬.૦૩.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૦/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી આરંભડીયા જગદીશ હરિભાઈ ગામ – ધરમપુર

સબડીવીઝન: વડત્રા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળીયા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દેવભૂમિ દ્વારકા

તારીખ: મંગળવાર (૦૯.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૦૨.૨૦૨૧ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,એમોએ એસ.આર.નં.૧૨૫૦૩૮૦૪ અન્વયે હરીપર ગ્રામ પંચાયતની હદમાં સર્વે નં.૪૪૮ પૈકી, પ્લોટ નં.ડ માં ઔધોગીક હેતુનું વિજજોડાણ મેળવવા માટે પીજીવીસીએલ વડત્રા સબ ડિવી.માં તા.૯-૧૨-૨૦૧૯ ના રોજ ૧,૮૭,૮૨૫-૦૦ નું અંદાજપત્રક ભરપાઈ કરેલ છે.

એમોએ નવા ઔધોગીક હેતુના વિજજોડાણની માંગણી કરેલ છે. તે સર્વે નંબર ઔધોગીક હેતુ માટે બિનખેતી થયેલ છે આમ છતાં અમારી પાસેથી માળખાકીય સુવિધા ઉભી કરવાનો ખર્ચ અંદાજપત્રકમાં ઉમેરવામાં આવેલ છે અને ફિક્સ્ડ ચાર્જ આધારીત અંદાજપત્રક આપવામાં આવેલ નથી.

જી.ઈ.આર.સી.દ્વારા બીનખેતી થયેલ સર્વે નંબરમાં અરજદારને વિજજોડાણ આપવા માટે ફિક્સ્ડ ચાર્જ આધારિત ખર્ચ વસુલવા માટે G E R C /Tech/S K A /615 તા. ૨૧-૪-૧૧ ના પત્રથી કમિશન દ્વારા મંજુર કરવામાં આવેલ ફિક્સ્ડ ચાર્જ આધારિત ખર્ચ મુજબના ચાર્જીસ નવા ગ્રાહકો પાસેથી વસુલ કરવાનું જણાવેલ ત્યારબાદ G E R C /Tech/1378 તા. ૨૪-૬-૨૦૧૪ દ્વારા ફિક્સ્ડ ચાર્જ આધારિત સર્વિસ કનેક્શન ચાર્જીસ નવેસરથી મંજુર કરવામાં આવેલ.

ગામતળ બહાર વિવિધ હેતુ માટે વિજજોડાણ આપવાની સર્વગ્રાહી નિતી અંગે ગુજરાત સરકારશ્રીના ઉર્જા વિભાગના ઠરાવ ક્રમાંક જીયુવી/૨૦૧૬/૩૮૮૫/૧ તા. ૨૪-૦૧-૨૦૧૭ નું નોટીફિકેશનની પ્રસ્તાવનામાં સ્પસ્ટ જણાવેલ છે સદર સર્વગ્રાહી નિતી,ગામતળ બહાર ખેતી વિષયક પરંતુ ખેતી માટે ઉપયોગમાં ન લેવાતી જમીનમાં વિવિધ હેતુ માટે ઉપયોગમાં ન લેવાતી જમીનમાં વિવિધ હેતુ માટેના વિજજોડાણો આપવા માટે છે. બિનખેતી થયેલ સર્વે નંબરમાં વિજજોડાણ આપવા માટે જી.ઈ.આર.સી.દ્વારા મંજુર કરાયેલ કિ.વો.ને ધ્યાનમાં રાખી ચાર્જ આધારિત નિતી અમલમાં જે તે સમયમાં જ હતી.

બિનખેતી થયેલ સર્વે નંબરમાં કિ.વો. દિઠ ફિક્સ ચાર્જ વસુલવાની સ્પસ્ટતા જીયુવીએનએલના પરીપત્ર નં. જીયુવીએનએલ/ટેક-૨-૧૦૮૫ તા. ૧-૯-૨૦૧૭ માં કરવામાં આવી છે અને તાજેતરના જ જીયુવીએનએલ/ટેક-૨/ડીઇ-૨/૨૪/કોમ્પ/૨૦૫૩ તા.૫-૧૧-૨૦૧૯ માં પણ સદર પરીપત્રો અનુસાર બિનખેતી સર્વે નંબરમાં ફિક્સ્ડ ચાર્જ આધારિત અંદાજપત્રક આપવાનું જણાવવામાં આવેલ છે. પી.જી.વી.સી.એલ.ના પરિપત્ર નં. પીજીવીસીએલ/ટેક-૧/૧/૧૧૬૫૦ તા.૭-૧૧-૨૦૧૯ મુજબ પણ અમોને ફિક્સ્ડ ચાર્જ આધારિત અંદાજપત્રક મળવાપાત્ર થાય છે.

અમારી આ રજુઆત ધ્યાને લઈ અમોને આપવામાં આવેલ અંદાજપત્રક ફિક્સ્ડ ચાર્જ આધારિત તબદીલ કરવા માટે તેમજ અમારી પાસેથી વધુ વસુલ કરેલ ચાર્જીસની રકમ પરત આપવા યોગ્ય હુકમ કરવા વિનંતી.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે..

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર આરંભડિયા જગદીશ હરીશંકર આરંભડિયા એ વડતરા કચેરી ના હરિપર મુકામે સર્વે નંબર (ઔધ્યોગીક હેતુ માટે બિન ખેતી થયેલ છે ) ૪૪૮પૈકી પ્લોટ નંબર ૬ માં ઔધ્યોગીક હેતુ નું ૨૦ કી.વો. નું વીજ જોડાણ માટે વડતરા સબ ડિવિજન માં તારીખ ૨૭.૦૯.૨૦૧૯ના રોજ અરજી કરેલ છે.એસ આર નંબર ૧૨૫૦૩૮૦૪ છે.જે અન્વયે અંદાજપત્રક આપવામાં માટે મંજૂરી ની પ્રક્રિયા કરતાં વર્તુળ કચેરી જામનગર દ્વારા પરિપત્ર પીજીવીસીએલ/ટેક-૧/૧૧૯૬ તારીખ ૦૩.૦૨.૨૦૧૭ મુજબ પત્ર નંબર જેસીઓ/ટેક-૨/સી-૧૯-૨૦/૧૦૯૪૮ તારીખ ૨૮.૧૧.૨૦૧૯થી પૂરેપૂરો માળખાકીય ખર્ચ વસૂલવા ની મંજૂરી મળેલ છે.

૩.૨ સદર મંજૂરી અન્વયે વડતરા કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી/ટેક/૧૨૦૧૨ તારીખ ૦૯.૧૨.૨૦૧૯ ના રોજ રૂપિયા ૧૮૭૮૨૫/- નું અંદાજ પત્રક અરજદાર ને આપેલ છે. જે અંદાજપત્રક અરજદાર દ્વારા તારીખ ૦૯.૧૨.૨૦૧૯ ના રોજ બીન શરતી ભરપાઈ કરેલ છે. અને સદર જોડાણ તારીખ ૨૭.૧૨.૨૦૧૯ ના રોજ રિલિજ કરેલ છે.

3.3 અરજદાર દ્વારા સદર જોડાણ માટે ફિક્સ ચાર્જ આધારિત ગણતરી કરી વધુ વસૂલેલ રકમ પરત કરવા તારીખ ૧૩.૦૧.૨૦૨૦ ના રોજ અરજી કરેલ છે જે વડતરા સબ ડિવિજન દ્વારા સંદર્ભિત પત્ર થી રજૂ કરેલ છે.વર્તુળ કચેરી ની ઉક્ત મંજૂરી અનુસંધાને અરજદાર ને પાઠવેલ અંદાજપત્રક બરાબર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ પીજીવીસીએલ કચેરી દ્વારા ૩.૧ અને ૩.૨ મુજબ કરવામાં આવેલી કામગીરી યોગ્ય અને કંપની ના નિયમ મુજબ છે.

૪.૨ અરજદાર શ્રી એ પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ અંદાજ પત્ર તા. ૦૯.૧૨.૨૦૧૯ ના રોજ બિન શરતી ભરપાઈ કરી આપવામાં આવેલ છે.અને ૨૭.૧૨.૨૦૧૯ ના રોજ કનેક્શન આપવામાં આવેલ છે.

૪.3 અરજદાર શ્રી ને સદર વીજ જોડાણ માટે ભરપાઈ કરવામાં આવેલ અંદાજ પત્ર ની રકમ નિયમ મુજબ હોય તેથી તે રકમ પરત આપી શકાય નહીં.આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના

સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯